ક્રિ.કે.નં.૫૪૧/૨૦૨૫
આંક–

::નમૂના – અ::

| મે.તિલકવાડાના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.તિલકવાડા | |
|---|---|
| ચુકાદા ની તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| ફો. કે. સંખ્યા | ૫૪૧/૨૦૨૫ |
| **ગુના ની વિગત** | |
| ગુના ની કલમ | પ્રોહી એકટની કલમ–૬૫(એ)(ઈ), ૯૮(૨) |
| પ્ર. માહિતી અહેવાલ સંખ્યા | ૧૧૮૨૩૦૨૫૦૨૨૫/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | તિલકવાડા |
| ફરિયાદી પક્ષ | સરકારશ્રી |
| રજૂઆત | સરકારી વકીલ શ્રી આર.બી.વસાવા |
| આરોપી પક્ષ | (૧) ભુપેન્દ્રભાઈ અંબાલાલ બારીયા રહે.પીંડોલી મંદિર ફળીયુ,તા.તિલકવાડા,જી.નર્મદા. |
| રજૂઆત | વિ.વ.શ્રી ટી.એ.ઠાકોર |

::નમૂના – બ::

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧/૩/૨૦૨૫ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૧/૩/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૯/૫/૨૦૨૫ |
| તહોમતનામુ ફરમાવ્યાની તારીખ | ૩૦/૦૭/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૩૦/૦૭/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| સજા હુકમ ની તારીખ (લાગુ પડે તો) | – |

## ::આરોપી ની વિગત::

| આરોપી નંબર | આરોપી નુ નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિતગ | કયાં ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવા માં આવ્યા છે કે કસુર વાર ? | શું સજા કરી ? | ક્રિ. પ્રો.કો. કલમ : ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ભુપેન્દ્ર ભાઈ અંબા લાલ બારીયા | ૩/ ૩/ ૨૦૨૫ | ૩/ ૩/ ૨૦૨૫ ના રોજ જામીન મુકત થયેલ છે. | પ્રોહી એકટની કલમ : ૬૫ (એ) (ઈ), ૯૮(૨) | આરોપી ને શકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | કરવામાં<br>આવે છે. | | |

**::નમૂના ક::**

**ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ**

**(એ) ફરિયાદપક્ષ તરફે**

**ફરિયાદપક્ષનો મૌખિક પુરાવા :**

| **અનુ. નં.** | **વિગત** | | **આંક** |
|---|---|---|---|
| ૧. | નરેશભાઈ રતાભાઈ | ફરીયાદી | ૧૦ |
| ૨. | સુમનભાઈ શાંતિલાલભાઈ | ત.ક.અમલદાર | ૨૬ |
| ૩. | મકબુલભાઈ ઈસબખાન ઘોરી | પંચસાહેદ | ૧૨ |
| ૪. | આરીફખાન સાદિકહુસેન ઘોરી | પંચસાહેદ | ૧૪ |
| ૫. | દિનેશભાઈ રમણભાઈ બારીયા | પંચસાહેદ | ૧૫ |
| ૬. | અલ્પેશભાઈ કાંતિભાઈ બારીયા | પંચસાહેદ | ૧૭ |
| ૭. | સાહેદ મહેશભાઈ ગુમાનભાઈ | સાહેદ | ૨૦ |

**(બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,**

| **અનુ. નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| **–** | **–** | **–** |

**(સી) કોર્ટ સાહેદ જો હોય તો,**

| **અનુ. નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| **–** | **–** | |

**ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| **અનુ. નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | અસલ ફરીયાદ | ૧૧ |
| ૨. | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ | ૧૩ |
| ૩. | આરોપીના શરીર સ્થિતીનું પંચનામું | ૧૬ |

**બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો :–**

| **અનુ. નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| **અનુ. નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| – | – | – |

**મુદ્દામાલની વિગત**

| **અનુ. નં.** | **વિગત** |
|---|---|
| **૧** | મુદ્દામાલ પાવતી મુજબ |

**:: ઠરાવ ::**

(૧) આ કામના ફરીયાદીની હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૦૧/૦૩/૨૦૨૫ ના કલાક ૦૨/૧૫ વાગે મોજે તેડીયા શાહપુરા ગામે આરોપીએ પોતાના કબજાની HERO MOTOCORP LTD કંપનીની PASSION PRO મો.સા.રજીસ્ટ્રેશન નં.GJ–૨૨–K–૦૦૩૩ ની ઉપર ગે.કા.વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશીદારૂ પ્લાસ્ટીકના ક્વાટરીયા નંગ–૫૦ જે ૧૮૦ એમ.એલ (લીટર–૯) કિ.રૂ.૬,૭૫૦/–તથા બિયરના ટીન નંગ–૪૦ જે ૫૦૦ એમ.એલ. (લીટર–૨૦) કિ.રૂ.૫,૨૦૦/–મળી કુલ રૂપિયા–૧૧,૯૫૦/–તથા મો.સા.નંગ–૦૧ કિ.રૂ.૧૫,૦૦૦/–નો મળી કુલ કિ.રૂ.૨૬,૯૫૦/–નો મુદ્દામાલ મુકી નાસી જઇ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ)૯૮(૨) મુજબનો ગુનો કરેલ. જે અંગેની ફરિયાદ તિલકવાડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૮૨૩૦૨૫૨૫૦૨૨૫/૨૦૨૫ થી નોંધવામાં આવેલ.તે મુજબની ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરવામાં

આવેલ છે.

**(૨)** ત્યારબાદ આરોપીને સદર કામે સમન્સ કાઢવામાં આવેલ અને આરોપી હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા બાદ આરોપી સામે આંક–૫ થી તહોમત ફરમાવી આરોપીનો જવાબ અનુક્રમે આંક–૬ થી નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતાં આરોપી વિરૂધ્ધ આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

**(૩)** ત્યારબાદ બાદ સદર કામના આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ તથા બંને પક્ષકારોની દલીલોના અંતે મારા ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દા**

**૧.** શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૦૧/૦૩/૨૦૨૫ ના કલાક ૦૨/૧૫ વાગે મોજે તેડીયા શાહપુરા ગામે આરોપીએ પોતાના કબજાની HERO MOTOCORP LTD કંપનીની PASSION PRO મો.સા.રજીસ્ટ્રેશન નં.GJ–૨૨–K–૦૦૩૩ ની ઉપર ગે.કા.વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશીદારૂ પ્લાસ્ટીકના ક્વાટરીયા નંગ–૫૦ જે ૧૮૦ એમ.એલ (લીટર–૯) કિ.રૂ.૬,૭૫૦/–તથા બિયરના ટીન નંગ–૪૦ જે ૫૦૦ એમ.એલ. (લીટર–૨૦) કિ.રૂ.૫,૨૦૦/–મળી કુલ રૂપિયા–૧૧,૯૫૦/–તથા મો.સા.નંગ–૦૧ કિ.રૂ.૧૫,૦૦૦/–નો મળી કુલ કિ.રૂ.૨૬,૯૫૦/–નો મુદ્દામાલ મુકી નાસી જઇ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ)૯૮(૨) મુજબનો ગુનો કરેલ છે?

**૨.** શું હુકમ?

**(૪)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ આપેલ છે અને તેના કારણો ત્યારપછીના આપેલ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ

<u>કારણો</u>

(૫) સદર કામે ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન અપાવવા માટે ફરીયાદી નરેશભાઈ રતાભાઈને આંક–૧૦,સાહેદ મહેશભાઈ ગુમાનભાઈને આંક–૨૦,સાહેદ ત.ક.અમલદારશ્રી સુમનભાઈ શાંતિલાલભાઈને આંક–૨૬ થી તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસની હકીકતો તેમજ આંક–૧૧ વાળી ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે જે તેમની સરતપાસ તથા ઉલટતપાસનો સંપુર્ણપણે અભ્યાસ કરવામા આવેલ.

(૬) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાની હકીકતના સમર્થનમાં પંચસાહેદ મકબુલભાઈ ઈસબખાન ધોરીની આંક–૧૨ અને પંચસાહેદ આરીફખાન સાદિકહુસેન ધોરીની આંક–૧૪ થી જુબાની લેવામાં આવેલ છે. જે જુબાનીથી પંચસાહેદ સંપુર્ણપણે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલ છે અને તેઓની તેમની સરતપાસમાં તિલકવાડા પોલીસે તેમને પોલીસ સ્ટેશન બોલાવી તૈયાર કાગળ ઉપર તેમની સહી કરાવેલી. આ સહી શું બાબતે કરાવેલી તે તેઓ જાણતા ન હોવાની હકીકત જણાવી મુદ્દામાલ કબજે કર્યાના પંચનામામાં તેમની સહી ઓળખી બતાવતા તે પંચનામુ આંક–૧૩ થી રજુ થયેલ છે. સદર પંચસાહેદ પંચનામાની હકીકતને સમર્થન ન આપત પંચસાહેદને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરેલ છે. તેમ છતાં સદર પંચસાહેદે પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. સદર પંચસાહેદ બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે તૈયાર લખેલા પંચનામા ઉપર મારી સહી કરાવેલી. તે સિવાય પંચનામાની હકીકતે હું કંઈ જાણતો નથી. એ વાત ખરી છે કે પોલીસે મારી રૂબરૂમાં કોઇ પંચનામું કરેલ નથી.

(૭) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાની હકીકતના સમર્થનમાં પંચસાહેદ

દિનેશભાઈ રમણભાઈ બારીયાની આંક–૧૫ અને પંચસાહેદ અલ્પેશભાઈ કાંતિભાઈ બારીયાની આંક–૧૭ થી જુબાની લેવામાં આવેલ છે.પંચસાહેદો તેમની જુબાનીથી હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને તેમની હાજરીમાં આરોપીની શરીરસ્થિતિનુ પંચનામુ થયેલ ન હોવાનુ અને તેમની હાજરીમાં આરોપીની અટક કરેલ ન હોવાની હકીકત કબુલ રાખે છે. વધુમાં આ કામે મુદ્દામાલ રીકવરીના પંચનામાના પંચો ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલ છે અને તેઓએ આરોપીઓ પાસેથી હાલના કેસવાળો મુદામાલ પોલીસે તેઓની હાજરીમાં કબજે કરેલ ન હોવાની કેફીયત આપેલ છે અને જણાવેલ છે કે, પોલીસે તૈયાર લખેલા પંચનામામા તેઓની સહી લીધેલ છે તેમજ પોલીસ સાથે તેઓને કોઈ જગ્યાએ જવાનો બનાવ બનેલ નથી.બનાવ વિશેની કોઈ હકીકત તેઓ જાણતા નથી. તેવા સંજોગોમાં પંચોની હાજરીમાં આરોપીઓના કબજામાંથી કોઈ મુદામાલ કબજે કરેલ હોય કે પંચોની રૂબરૂ આરોપી ઓના નામઠામની ખાત્રી કરી પંચનામું કરવામાં આવેલ હોય તેવી કોઈ હકીકતને સમર્થન મળતું નથી. આ કામે ફરીયાદપક્ષ ધ્વારા કોઈ અન્ય સ્વતંત્ર સાહેદોની જુબાની નોંધવામાં આવેલી નથી. પંચો સિવાયના સાહેદ પોલીસ સાહેદ છે. તેઓએ પોલીસ સ્ટાફ સિવાય બીજા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ નથી. બનાવનું સ્થળ જોવામાં આવે તો તે વસ્તીવાળું છે. આમ, સદર બનાવવાળી જગ્યા લક્ષમાં લઈએ તો ત્યાં સહેલાઈથી સ્વતંત્ર સાહેદ મળી શકે તેમ હતાં. તેમ છતાં તેવા સ્વતંત્ર સાહેદોના નિવેદનો ન લઈ કામમાં સામેલ ન રાખી ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન અપાવેલ નથી. ફરિયાદપક્ષનો પુરાવો જોતાં કબજે કરવામાં આવેલ દારૂનું સેમ્પલ એફ.એસ.એલ.કચેરીમાં મોકલેલ કે કેમ તેમજ તે અંગે કોઈ એફ.એસ.એલનો રીપોર્ટ ફરિયાદપક્ષ તરફે સદર કામે રજુ રાખવામાં આવેલ નથી.તેવા સંજોગો માં સદર મુદામાલ દારૂ જ હોવા

બાબતે કોઈ સમર્થન મળતું નથી.

(૮) નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ ઉપરોકત માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લઈ હાલના કેસની હકીકતોને ચર્ચા કરવામાં આવે તો આ કામે મુદ્દામાલ દારૂ કબજે કરવામાં આવેલ હોય તેવી ફરીયાદપક્ષની હકીકતોને સ્વતંત્ર પંચસાહેદો સમર્થન આપતા નથી. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનુ સેમ્પલ એફ.એસ.એલ.માં પૃથ્થકરણ સારૂ મોકલેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ રાખેલ નથી. તેમજ સદર મુદ્દામાલ બોટલો ઉપર જે ઉત્પાદક કંપનીના બ્રાન્ડ કે લેબલ હતા તે કંપનીના માણસોનો કોઈ જવાબ લીધેલ નથી. તેમજ આ કામે કબજે કરવામાં આવેલ દારૂની બોટલો ઉપર જે લેબલો લાગેલા હતા તે જ કંપનીની આ દારૂની બોટલો હતી તે હકીકત દર્શાવતો કોઈ સ્વતંત્ર પુરાવો આ કામે રજુ થયેલ નથી. ફરીયાદપક્ષે કોર્ટ સમક્ષ આવા કોઈ કંપનીના અધિકારીને તપાસેલા નથી. તેવા સંજોગોમાં કબજે કરવામાં આવેલ બોટલોમાં વિદેશી દારૂ જ હતો તેવી હકીકત માની શકાય નહીં અને તે સંજોગોમાં આ કામના આરોપીઓના કબજામાં દારૂ જ હતો એવુ માની શકાય નહીં.

સામાન્ય સંજોગોમાં પ્રોહીબીશન વિગેરે જેવા કેસમાં સૌ પ્રથમ રેઈડ કરવામાં આવે છે અને તે રેઈડ દરમ્યાન ગુનો થતો ફલીત થતુ હોય તો તે અંગેનુ પંચનામુ કરી લઈ તેના આધારે ફરીયાદ આપવામાં આવે છે. એટલે કે આવા કેસમાં પંચનામુ એ પાયાનો પુરાવો બને અને ફરીયાદપક્ષનો આધાર આ પંચનામા ઉપર રહે છે એટલે કે ફરીયાદપક્ષે પંચનામુ સાબિત કરવુ જોઈએ જો ફરીયાદપક્ષ પંચનામુ સાબિત કરવામાં નિષ્ફળ જાય તો પંચનામાના આધારે કરવામાં આવેલી ફરીયાદને પુરતુ સમર્થન મળી રહેતુ હોય તો પણ પંચનામા જેવો પુરાવો સાબિત ના થયો હોય તો તે ફરીયાદનુ કોઈ પુરાવાકીય મુલ્ય રહેતુ નથી. હાથ પરના કેસમાં પણ પંચનામાના સાહેદ ફરી ગયેલ હોય

ફરીયાદ કે ફરીયાદપક્ષના પોલીસ સાહેદના પુરાવાનુ પુરાવાકીય મુલ્ય ઉપસ્થિત થતુ નથી.

આમ, ઉપરોકત તમામ હકીકતોને લક્ષમાં લેતા આ કામનો મુદ્દામાલ સદર ગુનાના કામના આરોપીઓ પાસેથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલ દારૂ જ હતો અને તે મુદ્દામાલ આ કામના આરોપીઓ પાસેથી જ કબજે કરવામાં આવેલ હતો કે કેમ તેવી કોઈ હકીકત રેકર્ડ પરનાં પુરાવાથી કે પંચસાહેદના પુરાવાથી પુરવાર થતી ન હોય તેમજ ફરીયાદપક્ષ આ કામે આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હો નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય **મુદ્દા નં.૧** નો જવાબ નકારમાં ઠરાવી **મુદ્દા નં.૨** અન્વયે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: <u>હુકમ</u> ::**

આ કામના આરોપી ભુપેન્દ્રભાઈ અંબાલાલ બારીયાનાઓને ક્રિમીનલ પ્રો.કોડની કલમ–૨૪૮ (૧) અન્વયે પ્રોહી એકટની કલમ–૬૫(એ)(ઈ) ,૯૮(૨) મુજબના હાલના શિક્ષાપાત્ર ગુનાના આક્ષેપમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ વિદેશી દારૂ અપીલ સમય વિત્યે કમીટી રૂબરૂ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ મુદ્દામાલ વાહન અંગે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે અપીલ સમય બાદ કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને શરતો અપીલ સમય બાદ રદ ગણવી તેમજ મુદ્દામાલ વાહન અંગે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ થયેલ ન હોય અપીલ સમય બાદ માલિકીપણાંની ખાતરી કરી તેના ખરા માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીઓએ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આપેલ જામીનખત આખરી હુકમ વિરૂધ્ધ જો અપીલ કોર્ટમાં

અપીલ દાખલ થાય તેવા સંજોગોમાં હાલના આરોપીઓ એ અપીલ કોર્ટમાં હાજર રહે તે માટે છ માસની સમયમર્યાદા માટે આરોપીનાં અગાઉનાં જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૭ મી, માહે માર્ચ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૭/૦૩/૨૦૨૬
સ્થળ: તિલકવાડા

(મહેશ લાખાભાઈ ચોથાણી)
જ્યુ. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
તિલકવાડા, જી.નર્મદા
જી.જે.૦૧૪૩૮

એલ.ટી.પરીખ